# Day to Day Current Affairs

## 3. Feb 2016

### ૧. વ્હોટસએપની સંખ્યા 1 અબજ ને પાર કરી ગઈ :

- ચેટ એપ્લીકેશન વ્હોટસએપના વપરાશ કરતાઓની સંખ્યા 1 અબજથી વધી ગઈ.
- હાલમાં પૃથ્વી ઉપરનો પ્રત્યેક 7મો વ્યકિત વ્હોટસએપ પર હાજર છે.
- 24 ફેબ્રુઆરી, 2009 ના રોજ જેન કોયમ અને બ્રાયન એક્ટને આ એપ્લિકેશન લોન્ચ કરી હતી.
- ફેબ્રુઆરી, 2014 માં ફેસબુકે 19 અબજ ડોલર ચૂકવી વ્હોટસએપ ખરીદ્યુ હતુ.

### ૨. આલ્ફાબેટ બની દુનિયાની નં – 1 કંપની :

- ગુગલના પેરેન્ટ કંપની આલ્ફાબેટે માર્કેટ કેપની દૃષ્ટીએ એપલને પછાડી દુનિયાની નં – 1 કંપની બની.
- ઓકટોબર – ડિસેમ્બરના ત્રિમાસિક ગાળાના પરિણામોમાં આલ્ફાબેટનું માર્કેટ કેપ આશરે 40 લાખ કરોડ રૂપિયા વધારે છે.
- અગાઉ ફેબ્રુઆરી, 2010માં પણ ગુગલે એપલને પછડાટ આપી હતી.
- ગુગલની આ પેરન્ટ કંપની ‘આલ્ફાબેટ’ પાંચ મહિના પહેલાજ અસ્તિત્વમાં આવી હતી.

### 3. રામબરન યાદવ :

- નેપાળના પૂર્વરાષ્ટ્રપતિ રામબરન યાદવ દ્વારકા, ગુજરાતના પ્રવાસે આવ્યા.

### 4. પ્રિયંકા ચોપરા – ભારતીય અભિનેત્રી :

- ભારતની સ્ટાર અભિનેત્રી પ્રિયંકા ચોપરા આ વર્ષે ઓસ્કાર એવોર્ડમાં પ્રેઝન્ટેટર બનશે.
- આ બહુમાન મેળવનાર ને પ્રથમ ભારતીય અભિનેત્રી બનશે.
- અકાદમી દ્વારા ઓસ્કાર એવોર્ડ સમારોહમાં 13 પેઝન્ટેટરોની જાહેરાત થઈ જેમા પ્રિયંકા ચોપરાનું નામ પણ સામેલ છે.

#### પ્રશ્નો

૧. ચેટ એપ્લીકેશન વ્હોટસએપના વપરાશકર્તાની સંખ્યા કેટલાને પાર થઈ ? – 1 અબજ

૨. વ્હોટસએપના સ્થાપક ? – જેન કોયમ અને એકટન

3. એપલને પછાડી કઈ કંપની દુનિયાની નંબર – 1 કંપની બની? – આલ્ફાબેટ

૪. નેપાળના પૂર્વરાષ્ટ્રપતિનું નામ જણાવો જેઓ હાલમાંજ ગુજરાત પ્રવાસે આવ્યા હતા ? – રામબરન યાદવ

૫. આગામી ઓસ્કાર એવોર્ડ સમોરોહમાં પ્રેઝન્ટેટર તરીકે ક્યાં ભારતીયને સ્થાન મળ્યુ ? – પ્રિયંકા ચોપરા.

Vivekanand Academy, Gandhinagar